# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) રશિયાએ વૈશ્વિક શક્તિ તરીકે ભારતના કદની પ્રશંસા કરી.

2) જૂન મહિનામાં EPFOમાં 21 લાખ 89 હજાર સભ્યોનો ચોખ્ખો ઉમેરો.

3) દિવાળી અને છઠ તહેવારો નિમિત્તે વિશેષ 12 હજાર ટ્રેનો દોડાવાશે.

4) ઇઝરાયલે ગાઝા શહેરને કબજે કરવા આયોજનબદ્ધ હુમલા શરૂ કર્યા.

5) ગુજરાતમાં આજે ભારે વરસાદ માટેનું રેડ એલર્ટ.

6) ભારતીય મહિલા કુસ્તીબાજ તપસ્યાએ U20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપમાં પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RUSSIA- INDIA

રશિયાએ વૈશ્વિક શક્તિ તરીકે ભારતના કદની પ્રશંસા કરી તેને વૈવિધ્યસભર વિદેશ નીતિ સાથે અગ્રણી આર્થિક શક્તિ ગણાવી છે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, ભારતમાં રશિયાના ચાર્જ ડી'અફેર્સ, રોમન બાબુશ્કિને જણાવ્યું કે રશિયા અને ભારત પરસ્પર હિતો ધરાવે છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો વિસ્તરી રહ્યા છે. રશિયાના દૂતાવાસના અધિકારીએ યુક્રેનની પરિસ્થિતિ પર બંને દેશના વડાઓ વચ્ચેના બે ટેલિફોનિક વાતચીતનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# INDIA-RUSSIA BUSINESS FORUM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું, ભારત અને રશિયાની ભાગીદારી વધુ મજબૂત થઈ રહી છે અને નવા ક્ષેત્રો અને તકોની શોધ પણ કરવામાં આવી રહી છે. મોસ્કોમાં ભારત-રશિયા વેપાર મંચને સંબોધતા, તેમણે વધુ રોકાણો તથા આર્થિક સહયોગની નવી માર્ગ અપનાવવા હાકલ કરી.

કોરોના મહામારી, સંઘર્ષો, રાજકીય અને આર્થિક પરિવર્તનો અને વેપાર અસ્થિરતાની અસર પર પ્રકાશ પાડતા, તેમણે કહ્યું કે આ બધાએ વિશ્વસનીય અને સ્થિર ભાગીદારોનું મહત્વ શીખવ્યું છે. ભારત-યુરેશિયન આર્થિક સંઘ FTA માટે સંદર્ભની શરતો વિશે બોલતા, ડૉ. જયશંકરે કહ્યું કે મુખ્ય ક્ષેત્રોમાં સંયુક્ત સાહસોને પ્રોત્સાહન આપવા, કનેક્ટિવિટી સુધારવા અને વેપાર સમાધાનો પર ચર્ચા થઈ રહી છે.

# EPFO-PAYROLL DATA

આ વર્ષે જૂન મહિનામાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન-EPFOએ 21 લાખ 89 હજાર સભ્યોનો ચોખ્ખો ઉમેરો નોંધાવ્યો છે. આ આંકડો 9.14 ટકાનો વધારો દર્શાવે છે, જે એપ્રિલ 2018માં પેરોલ ડેટા ટ્રેકિંગ શરૂ થયા પછીનો સૌથી વધુ રેકોર્ડ વધારો દર્શાવે છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે આ મહિનામાં લગભગ 10 લાખ 62 હજાર નવા સબ્સ્ક્રાઇબર્સ નોંધાયા છે, જે મે 2025ની સરખામણીમાં 12.68 ટકા અને ગયા વર્ષના જૂનની સરખામણીમાં 3.61 ટકાનો વધારો દર્શાવે છે.

મંત્રાલયે જણાવ્યું કે 18-25 વય જૂથમાં લગભગ છ લાખ 39 હજાર નવા સબ્સ્ક્રાઇબર્સ ઉમેરાયા છે. વધુમાં, ત્રણ લાખથી વધુ નવી મહિલા સબ્સ્ક્રાઇબર્સ EPFOમાં જોડાયા છે, જે પાછલા મહિનાની સરખામણીમાં આશરે 15 ટકાનો વધારો દર્શાવે છે.

# UIDAI-STARLINK

યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા-UIDAI એ આધાર આધારિત ગ્રાહક ચકાસણી માટે ખાનગી સેટેલાઇટ આધારિત ઇન્ટરનેટ સેવા પ્રદાતા સ્ટારલિંક સાથે સહયોગ કર્યો છે. એક નિવેદનમાં, ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રાલયે જણાવ્યું કે, વૈશ્વિક સેટેલાઇટ ઇન્ટરનેટ પ્રદાતા દ્વારા આધાર પ્રમાણીકરણનો ઉપયોગ ભારતના ડિજિટલ માળખાની સ્કેલેબિલિટી અને વિશ્વસનીયતા દર્શાવે છે. તેમણે ઉમેર્યું હતું કે આ સહયોગ એ વાત પર ભાર મૂકે

છે કે આધાર કેવી રીતે પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરતી વખતે સેવા વિતરણમાં નવીનતાને સક્ષમ કરી શકે છે.

આધારને જીવનની સરળતા અને વ્યવસાય કરવાની સરળતાના ઉત્પ્રેરક તરીકે ઉલ્લેખ કરતા, મંત્રાલયે જણાવ્યું હતું કે આધાર નંબર ધારકો માટે ઉપયોગમાં સરળતા અને સુવિધાને કારણે તેનો ફેસ પ્રમાણીકરણ ઉકેલ હવે ઝડપથી ગતિ પકડી રહ્યો છે.

# ASHWINI VAISHNAW-SPECIAL TRAIN

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે, દિવાળી અને છઠ તહેવારો નિમિત્તે વિશેષ 12 હજાર ટ્રેનો દોડાવવામાં આવશે. બિહાર NDA નેતાઓ સાથે ચર્ચા કર્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે લોકોની મુસાફરી જરૂરિયાતો અંગે રાજ્યના નેતાઓ સાથે ચર્ચા કર્યા પછી, મંત્રાલયે માત્ર નવી ટ્રેનો જ નહીં પરંતુ અન્ય ઘણી યોજનાઓ અને માળખાગત પ્રકલ્પો પર પણ કામ કર્યું છે.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ)

શ્રી વૈષ્ણવે કહ્યું કે સામાન્ય વર્ગના મુસાફરોની સુવિધા માટે દિલ્હી અને ગયા, સહરસા અને અમૃતસર, છાપરા અને દિલ્હી તેમજ મુઝફ્ફરપુર અને હૈદરાબાદને જોડવા માટે ચાર નવી અમૃત ભારત ટ્રેનો શરૂ કરાશે.

# ISRAEL - GAZA OPERATION

ઇઝરાયલની સેના એ જાહેરાત કરી છે કે તેણે ગાઝા શહેરને કબજે કરવા અને નિયંત્રણ મેળવવા માટે આયોજનબદ્ધ ભૂમિ હુમલા શરૂ કર્યા છે. મોટા હુમલાની તૈયારી માટે સૈનિકો પહેલાથી જ બહારના વિસ્તારોમાં, ખાસ કરીને ઝેઇટોન અને જબાલિયા વિસ્તારોમાં તહેનાત છે.

ઇઝરાયલના સંરક્ષણ મંત્રી ઇઝરાયલ કાત્ઝે ગઈકાલે આ યોજનાને મંજૂરી આપી હતી, જેની સમીક્ષા આ અઠવાડિયાના અંતમાં ઇઝરાયલના સુરક્ષા મંત્રીમંડળ દ્વારા કરાશે. ઇઝરાયલ સંરક્ષણ દળો-IDFએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ કામગીરીને ટેકો આપવા માટે, ઇઝરાયલ 60 હજાર અનામત સૈનિકોને બોલાવી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA-EAEU FTA

ભારત અને યુરેશિયન ઇકોનોમિક યુનિયન-EAEU, જેમાં આર્મેનિયા, બેલારુસ, કઝાકિસ્તાન, કિર્ગિઝ રિપબ્લિક અને રશિયાનો EAEU સમાવેશ થાય છે, તેમણે મુક્ત વેપાર કરાર-FTA પર વાટાઘાટો શરૂ કરવા માટે સંદર્ભ શરતો પર હસ્તાક્ષર કર્યા છે.આ શરતો પર વાણિજ્ય વિભાગના અધિક સચિવ અજય ભાદુ અને યુરેશિયન ઇકોનોમિક કમિશનના વેપાર નીતિ વિભાગના નાયબ નિયામક મિખાઇલ ચેરેકાયવ દ્વારા મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રસ્તાવિત FTA નિકાસને વેગ આપશે, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ટેકો આપશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાતમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આગામી બે થી ત્રણ દિવસ સુધી મહારાષ્ટ્ર અને દેશના ઉત્તર-પૂર્વ ભાગોમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.

22 તારીખ સુધી બિહાર, છત્તીસગઢ, રાજસ્થાન, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા, ઉત્તરાખંડ, કોંકણ અને ગોવામાં પણ ભારે વરસાદની સંભાવના છે.

# J&K - KISHTWAR OPERATION

જમ્મુ અને કાશ્મીરમાં વાદળ ફાટવાથી પ્રભાવિત કિશ્તવાડના ચિસોટી ગામમાં આજે સતત આઠમા દિવસે પણ શોધ અને બચાવ કામગીરી ચાલુ રહેશે. આ ઘટનામાં અત્યાર સુધી મૃત્યુઆંક 65 પર પહોંચ્યો છે, જેમાં ત્રણ CISF જવાનો અને એક પોલીસ અધિકારીનો સમાવેશ થાય છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, 100થી વધુ લોકો ઘાયલ થયા છે અને 70 લોકો હજુ પણ ગુમ છે. સેના, NDRF, SDRF, CISF, પોલીસ અને સ્થાનિક લોકો સહિતની બચાવ ટીમો ચિસોટીથી ગુલાબગઢ સુધીના 22 કિલોમીટર લાંબા પ્રવાહમાં ભારે મશીનરી, સ્નિફર ડોગ્સ અને નિયંત્રિત વિસ્ફોટોનો ઉપયોગ કરીને મોટા પથ્થરો સાફ કરી રહી છે.

# U20 WRESTLING C'SHIPS

ભારતીય મહિલા કુસ્તીબાજ તપસ્યાએ બલ્ગેરિયામાં U20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપ 2025માં દેશ માટે પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યો. ગઈકાલે, મહિલાઓના 57 કિલોગ્રામ વર્ગની ફાઇનલમાં તપસ્યાએ નોર્વેની ફેલિસિટાસ ડોમાજેવાને 5-2 થી હરાવી.

એશિયન U20 ચેમ્પિયનશિપ સુવર્ણ ચંદ્રક વિજેતાએ ડોલ્ઝોન ત્સિન્ગુએવાને 6-0થી હરાવીને તપસ્યાએ પોતાના અભિયાનની શરૂઆત કરી. ત્યારબાદ, તેમણે ક્વાર્ટર-ફાઇનલમાં ફ્રાન્સની રોમાઇસા અલ ખારોબીને હરાવી. ત્યારબાદ, તેણે સેમિફાઇનલમાં જાપાનની સોવાકા ઉચિડા સામે 4-3 થી મુકાબલો જીત્યો.

# KHELO INDIA WATER SPORTS FESTIVAL

જમ્મુ અને કાશ્મીરના દાલ સરોવર ખાતે આજથી પ્રથમ ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ શરૂ થશે. ત્રણ દિવસીય રમત મહોત્સવમાં રોઇંગ, કાયાકિંગ અને કેનોઇંગમાં 24 સુવર્ણ ચંદ્રક માટે 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 400થી વધુ ખેલાડીઓ ભાગ લેશે.

આ પહેલી ઓપન-એજ રાષ્ટ્રીય સ્પર્ધા છે જેમાં તમામ 24 ચંદ્રક ઇવેન્ટ્સ ઓલિમ્પિક રમતોનો ભાગ છે. આ મહોત્સવમાં ત્રણ પ્રદર્શન ઇવેન્ટ્સ, વોટર સ્કીઇંગ, શિખરા બોટ સ્પ્રિન્ટ અને ડ્રેગન બોટ રેસ પણ હશે.

મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, ઓડિશા અને કેરળ, 44 એથ્લેટ્સનું સૌથી મોટું દળ મોકલી રહ્યા છે. સર્વિસિસ આ વખતે સ્પર્ધા કરશે નહીં. 2022 એશિયન ગેમ્સના રજત ચંદ્રક વિજેતા ઓલિમ્પિયન અર્જુન લાલ જાટ, દિલ્હીનું પ્રતિનિધિત્વ કરીને આકર્ષણ જમાવશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

- આજના અખબારોમાં રાજ્યમાં પડેલા ભારે વરસાદ , જૂનાગઢમાં બારેમેઘ ખાંગા પીએમ-સીએમ, મંત્રીઓને હટાવતું બિલ લોકસભામાં રજૂ સંસદમા હોબાળો અને દિલ્હીના સીએમ રેકા ગુપ્તા પર ગુજરાતના યુવકનો હુમલાના સમાચાર તમામ અખાબારોએ અલગ અલગ રૂપે પ્રકાશિત કર્યા છે
- પીએમ-સીએમ 30 દિવસ જેલમાં રહે તો પદ ગુમાવે આ હેડલાઇન ગુજરાત સમાચારે બનાવી છે
- જ્યારે સંદેશ, નવગુગુજરાત સમયે પણ આ જ સમાચારને હેડલાઇનમાં લીધાં છે. અંગ્રેજી અખાબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે પણ આજ સમાચારને મુખ્ય બનાવ્યાં છે.
- રશિયાએ ભારતના ભરપૂર વખાણ કરીન કહ્યું કે ભારતના પરમિત્રની ઓફર રશિયામાં તમારુ સ્વાગત છે માલ મોકલો આ શિર્ષક હેઠળ લોકસત્તાએ સમાચારને પ્રકાશિત કરીને ભારત રશિયાની મિત્રતાને રજૂ કરતાં સમાચાર મુખ્ય બનાવ્યાં છે.
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાની હેડલાઇન છે ગેમ ખેલો લેકિન જુઆ નહીં
- રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ધક્કો મારવા જેવી બાબતે અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થી હત્યા બાદ વાલીઓનો શાળા ઉપર હલ્લાબોલ , રાજ્યની દરેક આંગણવાડી બહેનોને લઘુતમ વેતન ચૂકવવા હાઇકોર્ટનો આદેશ , બેંગકોક સુરતની ફ્લાઇટમાંથી રૂપિયા 14 કરોડનો હાઇડ્રોપોનિક્સ ગાંજો લવનાર પ્રવાસી પકડાયના સમચાર દરેક અખબારે છેલ્લાપેજ ઉપ પ્રકાશિત કર્યાં છે.